# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય

## આણંદ કૃષિ યુનિવર્સિટી,

## આણંદ- ૩૮૮૦૦૧

**આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય ખાતે ઇન્ડિયન સોસાયટી ઓફ વેટરનરી ફાર્મેકોલોજી (ઔષધિશાસ્ત્ર)નો ત્રિદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ**

આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય ખાતે ઇન્ડિયન સોસાયટી ઓફ વેટરનરી ફાર્મેકોલોજી (ઔષધિશાસ્ત્ર)નાં ત્રિદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનાં ઉદઘાટન સમારંભનો પ્રારંભ બં. અ. કૃષિ મહાવિદ્યાલયનાં ઓડિટોરિયમ ખાતે મહાનુભાવો, દેશભરમાંથી પધારેલ વૈજ્ઞાનિકો, મહાવિદ્યાલયનાં અધિકારીશ્રીઓ એવં કર્મચારીશ્રીઓની ઉપસ્થિતિમાં તા. ૦૫/૧૨/૨૦૧૮ નાં યોજાયો હતો. રાષ્ટ્રીય પરિસંવાદની શરૂઆતમાં દિપ-પ્રાગટ્ય એવં પ્રાર્થનાગીત પછી મહાવિદ્યાલયનાં ડીનશ્રી અને પરિસંવાદનાં ચેરમેન ડો. અશ્વિન ઠાકર દ્વારા મહાનુભાવોનું પુષ્પગુચ્છથી ઉમળકાભેર સ્વાગત કર્યા પછી મહાવિદ્યાલયનાં શિક્ષણ, સંશોધન, વિસ્તરણ એવં આઈએસવીપીટીનાં ઇતિહાસ તથા પ્રવૃત્તિઓની વિશદ છણાવટ કરેલ હતી. ત્યારબાદ ઇન્ડિયન સોસાયટી ઓફ ફાર્મેકોલોજી એન્ડ ટોક્સીકોલોજીનાં જનરલ સેક્રેટરી ડો. એ. કે. શર્મા, પ્રાધ્યાપક, ઔષધિશાસ્ત્ર વિભાગ, વેટરનરી કોલેજ, લુધિયાણાએ સંસ્થાનાં કાર્યો એવં પ્રાપ્ત કરેલ સિદ્ધિઓનો તલસ્પર્શી ચિતાર આપેલ હતો. મુખ્ય અતિથિ વિશેષશ્રી તરીકે પધારેલ ડો. એ. કે. શ્રીવાસ્તવા, ચેરમેન, ભારતીય કૃષિ વિજ્ઞાન ચયન મંડળ, ઇન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ, નવી દિલ્હી દ્વારા યોજાયેલ રાષ્ટ્રીય પરિસંવાદનો મુખ્ય હેતુ અને રજૂ થનારાં સંશોધનોની તાર્કિક અગત્યતા એવં ઉપયોગિતા પર પ્રકાશ પાડવામાં આવેલ હતો. અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત પ્રોફેસર આર. કે. ગોયલ, માનનીય કુલપતિશ્રી, દિલ્હી ફાર્માસ્યુટીકલ સાયન્સિસ એન્ડ રિસર્ચ યુનિવર્સિટી, દિલ્હીએ તેમની સંસ્થા દ્વારા થયેલ ઔષધિય સંશોધનો અને આ પ્રકારનાં સંશોધનોની જરૂરિયાત વિશે માર્ગદર્શન આપેલ હતું. અન્ય અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત ડો. પી. ડી. જુયલ, માનનીય કુલપતિશ્રી, નાનજી દેશમુખ વેટરનરી સાયન્સ યુનિવર્સિટી, જબલપુર દ્વારા ઔષધિય પ્રતિકારકતા નિવારવા માટેનાં પગલાં લઈને તેની ઉપયોગિતા વિશે ઊંડાણભર્યું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પ્રમુખસ્થાને બિરાજેલ ડો. એન.સી.પટેલ સાહેબ, માનનીય કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા રાષ્ટ્રીય પરિસંવાદમાં બહોળી સંખ્યા માં હજાર રહેવા બદલ વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવી રજૂ થનારાં ઔષધિય સંશોધનોની ત્રિદિવસીય પરિસંવાદમાં ચર્ચા-વિચારણા કરી તેની ફળ:શ્રુતિ છેવાડાનાં પશુપાલકો સુધી પહોચતી કરી તેમના આર્થિક વિકાસમાં ઉત્તરોતર વધુને વધુ સહભાગી થવા જણાવેલ હતું. સાથોસાથ રાષ્ટ્રીય પરિસંવાદ માં વિશ્વ આરોગ્ય સંસ્થાનાં 'વન વર્લ્ડ- વન હેલ્થ' નાં ધ્યેય મુજબ માણસો તથા પ્રાણીઓમાં પરસ્પર સ્વાસ્થ્ય સાથે જોડાયેલ મુદ્દાઓ પર વિસ્તૃત પણે ચર્ચા-વિચારણા કરવા અનુરોધ કરેલ હતો. ડો. કે. બી. કથીરિયા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વડાશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદે મહાવિદ્યાલયમાં થયેલ સંશોધનો અને તેની પશુપાલકો માટેની ઉપયોગિતા વિશે વિસ્તૃત માહિતી આપેલ હતી.

મહાનુભાવો દ્વારા ડો. એ. કે. શ્રીવાસ્તવા, ચેરમેન, ભારતીય કૃષિ વિજ્ઞાન ચયન મંડળ, ઇન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ, નવી દિલ્હી, ને ડો. બી. ડી. ગર્ગ આઉટ સ્ટેન્ડીગ ફાર્મેકોલોજીનો એવોર્ડ એનાયત થયેલ હતો. જ્યારે મહાનુભાવો ડો. પી. ડી. જુયલ, માનનીય કુલપતિશ્રી, નાનજી દેશમુખ વેટરનરી સાયન્સ યુનિવર્સિટી, જબલપુર; પ્રોફેસર આર. કે. ગોયલ, માનનીય કુલપતિશ્રી, દિલ્હી ફાર્માસ્યુટીકલ સાયન્સિસ એન્ડ રિસર્ચ યુનિવર્સિટી, દિલ્હી; ડો. એસ. કે. મોદી, પ્રાધ્યાપક અને વડા, ઔષધિશાસ્ત્ર વિભાગ, વેટરનરી કોલેજ, સરદાર કૃષિનગર અને ડો. વિનોદકુમાર દુમકા, પ્રાધ્યાપક અને વડા, ઔષધિશાસ્ત્ર વિભાગ, વેટરનરી કોલેજ, લુધિયાણાને “ફેલો ઓફ ઇન્ડિયન સોસાયટી ઓફ વેટરનરી ફાર્મેકોલોજી એન્ડ ટોક્સીકોલોજી” થી સન્માનિત કરેલ હતાં. સાથોસાથ મહાનુભાવોએ રાષ્ટ્રીય પરિસંવાદનાં સોવેનિયર(સ્મૃતિગ્રંથિકા) એવં કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી દ્વારા વિકસવેલ 'વેટરનરી ડ્રગ ઇન્ફોર્મેશન સીસ્ટમ’ની એપ્લીકેશનનું વિમોચન પણ કરેલ હતું. ઉપસ્થિત મહાનુભાવો અને ડીનશ્રી ડો. અશ્વિન ઠાકરનું પણ આઇએસવીપીટી દ્વારા સ્મૃતિચિન્હ એવં શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું.

આ રાષ્ટ્રીય પરિસંવાદમાં પ્રાણીઓમાં વપરાતી દવાઓનાં સુચારુ ઉપયોગ દ્વારા પ્રાણીઓનાં દૂધ, માંસ તથા પક્ષીઓનાં ઈંડામાં આવી દવાઓનાં પ્રમાણ ઘટાડવા માટેનાં ઉપયોગ પર પણ ગહન ચર્ચા અને સંશોધનો રજૂ થયા હતા. માણસોમાં આવા એન્ટિબાયોટીક રેસીડ્યુવાળાં દૂધ, માંસ કે ઈંડા ખાવાથી એન્ટિબેક્ટેરિયલ રેઝિસ્ટન્સ નું પ્રમાણ જોવા મળે છે. પ્રાણીઓની પેદાશમાં એન્ટિબાયોટીકનું પ્રમાણ ઘટાડવા તથા તેની માણસોનાં શરીર પર માઠી અસર ન પડે તે માટે ખાસ ચર્ચા સત્રનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

સમગ્ર પરિસંવાદનું સફળ સંચાલન ડો. પી. બી. જાની એ કરેલ હતું. ડો. એસ. કે. ભાવસાર, પ્રાધ્યાપક અને વડા, ઔષધિશાસ્ત્ર વિભાગ, વેટરનરી કોલેજ, આણંદ અને ઓર્ગેનાયઝીંગ સેક્રેટરીએ અભારવિધિ કરેલ હતી.


ISVPT-2018
XVIII Annual Conference of
"Indian Society of Veterinary Pharmacology and Toxicology"
and
National Symposium on "One Health: Veterinary
Pharmacology and Toxicology Approaches"
5-7 December, 2018
Anand, Gujarat
:Organized By:


ISVPT-2018
XVIII Annual Conference of
"Indian Society of Veterinary Pharmacology and Toxicology"
and
National Symposium on "One Health: Veterinary
Pharmacology and Toxicology Approaches"
5-7 December, 2018
Anand, Gujarat
:Organized By:
Department of Veterinary Pharmacology and Toxicology
College of Veterinary Science and Animal Husbandry
Anand Agricultural University, Anand, Gujarat
ISVPT-2018
College of Veterinary
Science & A.H.
A A U, Anand,







**<u>આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય ખાતે ઇન્ડિયન સોસાયટી ઓફ વેટરનરી ફાર્મેકોલોજી (ઔષધિશાસ્ત્ર)નો ત્રિદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ</u>**